જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૦/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી ૨૯૫ લીટર દેશી દારૂ, ૧૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૮ બિયર અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૮૫૪/૧૬**

**વાડજઃ** બળદેવભાઈ ભગવાનભાઈ રબારી (ઉ.વ.૪૬) (રહે.સેક્ટર-૭ નિર્ણયનગર નવા વાડજ) એ સોલા સીવીલ હોસ્પીટલ ખાતે વાડજ પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) પાર્થ ઉર્ફે પાવડર પન્નાલાલજીનગર (રહે.સ્વામિનારાયણપાર્ક મંગલદીપ વિદ્યાલયની બાજુમાં નવા વાડજ) (૨) રોહીત ઉર્ફે મહેશ કનૈયાલાલ સોની (રહે. અંબિકા ગાર્ડન પાસે રાણીપ) (૩) અમન (જેના પુરા નામ-સરનામાની ખબર નથી) એ ભેગા મળી તા.૧૦/૧૦/૧૬ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે નિર્ણયનગર સ્વામિનારાયણ સ્કુલની બાજુમાં પોષ્ટ ઓફીસ નજીક પોતાના પુત્ર આકાશ (ઉ.વ.૨૧) સાથે બોલાચાલી ઝગડો કરી પેટના ભાગે તિક્ષ્ણ હથિયાર વડે ઘા મારી ગંભીર ઈજાઓ કરી નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત આકાશનુ સારવાર દરમ્યાન તા.૧૧/૧૦/૧૬ કલાક ૦૦/૩૦ વાગે મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી જી રાઠોડ ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૫/૧૬**

**ગોમતીપુરઃ** જયશ્રીબહેન ઉર્ફે જીગુ કિરીટભાઇ ચૌહાણ (ઉ.વ.૧૬) (રહે. ખાડાવાળી ચાલી રાજપુર ગોમતીપુર) ને તા.૧૦/૧૦/૧૬ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે ગોમતીપુર મોટો વણકર વાસ પાસે આવેલ મહાકાળીના મંદિર નજીકથી આરોપી જીગર (જેના પુરા નામ સરનામાની ખબર નથી) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ જયશ્રીબહેનની માતા લીલાબહેન ચૌહાણે ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ આર જનકાંત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વિશ્વાસઘાત/છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૬/૧૬**

**બાપુનગરઃ** નાગરભાઇ દેવજીભાઇ પરમાર (ઉ.વ.૫૧) (રહે.ભક્તિનગર સોસાયટી સમજુબા હોસ્પીટલની સામે બાપુનગર) એ તા.૧૦/૧૦/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૨/૨૦૧૬ થી ૭/૯/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર મીશન ઓફ ગુજરાત ખોડીયારનગર ચાર રસ્તા ઓફીસ ખાતે આરોપી (૧) નરેન્દ્રભાઇ સુરેશચંદ્ર વ્યાસ (૨) સુરેશચંન્દ્ર વ્યાસ (૩) અરૂણભાઇ સુરેશચંન્દ્ર વ્યાસ (ત્રણેય રહે. જાગૃતિ સોસાયટી પ્રતિક શાક માર્કેટ સામે બાપુનગર) અને (૪) હિતેશભાઇ ઉર્ફે પપ્પુભાઇ વિઠ્ઠલભાઇ પટેલ (રહે. ગોપી એપાર્ટમેન્ટ વિભાગ-.એ ૧૯ પ્રતિક શાક માર્કેટ સામે બાપુનગર) એ ભેગા મળી નાગરભાઈના પુત્ર, તેમજ સંબંધીઓને  સરકારી નોકરી અપાવવાનુ કહીને આશરે રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- અલગ અલગ તારીખે મેળવી, ખોટા કોલ લેટર બનાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૭/૧૬**

**ખોખરાઃ** માણેકબહેન ગણેશભાઈ મકવાણા (ઉ.વ.૬૪) (રહે.આદીશ્વર એપાર્ટમેન્ટ ધર્મજીવન ફ્લેટની બાજુમા બાલભવન રોડ ખોખરા) એ તા.૧૦/૧૦/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૯/૧૬ બપોરના ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી જીતેંદ્ર અમૃતલાલ મકવાણા (રહે. શ્રીરામ, નિવાશ ખોખરા ગામ ઝોનલ ઓફીસની સામે ખોખરા) પોતાના મકાનો દરવાજો ડુપ્લીકેટ ચાવી વડે ખોલી ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૬૧,૨૦૦/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એમ.ચૌહાણ ચલાવે છે.

**સરખેજઃ** કનકદાસ જગન્નાથ અધીકારી (રહે.પ્રણય એપાર્ટમેન્ટ ગોકુલ રો હાઉસ પાસે શ્યામલ ચાર રસ્તા સેટેલાઇટ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૦/૧૬ રાતના ૯/૪૦ વાગ્યાના સુમારે રાજપથ ક્લબ થી એસ.પી રીંગ રોડ તરફ જતા રોડ ઉપર શીવલીંકવીલા બંગ્લોઝની બાજુમા આવેલ મહાકાળી મંદીર માંથી મુર્તીના સોનાના દાગીના કિમત રૂપિયા ૫૦,૦૦૦/- તથા ચાર દાન પેટી તોડી તેમાથી રોકડા રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.સોલંકી સોલંકી ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૮/૧૬**

સોલા હાઈકોર્ટઃ ભાઈલાલભાઈ ઉર્ફે ભોગીલાલ પટેલ (ઉ.વ.૬૦) (રહે. ભાડજ ગામ ડેરીવાળો વાસ ભાડજ) તા.૧૧/૧૦/૧૬ રાતના ૨/૩૦ વાગ્યાના સુમારે ભાડજ ગામ બળીયાદેવના મંદિર નજીક ઓરડીમાં સુતા હતા ત્યારે અજાણ્યા ત્રણ ઇસમો ઓરડીમા આવી ભાઈલાલભાઈને લાકડાના ડંડાથી હાથ-પગ ઉપર ફટકા મારી મુઢ માર મારી ઇજાઓ કરી ભાઈલાલભાઈ પાસેથી સોનાની લકી, સોનાની ચેઈન, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૩૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,,૧૪,૫૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભાઈલાલભાઈ પટેલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી એસ.આર.મેધાણી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૮૫૯/૧૬</u>

**ગાયકવાડ હવેલીઃ** ધમિષ્ઠાબહેન ડો/ઓ જગદિશભાઈ મીયાવરા (ઉ.વ.૧૯) (રહે. હેલ્થ સ્ટાફ કવાર્ટસ સરદારબ્રીજ) એ કોઈ કારણસર તા.૧૦/૧૦/૧૬ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ધાબા ઉપર દુપટ્ટા વડે ગળેફાસો ખાતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમા લઈ જતા સારવાર દરમ્યાન સાંજના ૫/૦૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)